بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

**અમે દુઆ કરીએ છીએ કે અલ્લાહ તઆલા અમોને તૌફીક આપે કે જેટલા દિવસો અને જુમ્મા અમોએ રમઝાનમાં ગુજાર્યા છે અને જે બરકતો અમોએ રમઝાનમાં હાસેલ કરી છે તેના પર કાયમ રહેતાં પોતાની તમામ ખુબીઓ અને કાબેલિયત સાથે આગળના રમઝાનનું સ્વાગત કરીએ**

સારાંશ ખુત્બા જુમ્મા સૈય્યદના હઝરત અકદસ અમિરૂલ મોમિનીન ખલીફતુલ મસીહ અલ ખામિસ ઐય્યદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ, તા.-01-07-2016 સ્થળ : મસ્જીદ બૈતુલ ફુતુહ લંડન.

તશહુદ તઆઉઝ તથા સુરઃ ફાતેહાની તિલાવત બાદ હુઝુર અનવર અય્યદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ એ સુરઃ જુમ્માની આયતની તિલાવત ફરમાવી.

અલ્લાહ તઆલાએ રમઝાનના રોઝા વિશે જરૂરીનો હુકમ આપ્યો તો સાથે જ ફરમાવ્યું કે ગણતરીના અમુક દિવસ છે. જ્યારે રમઝાન શરૂ થયો તો આપણામાંથી અમુક વિચારતા હશે કે ગરમીના લાંબા દિવસો છે અને તેમા આ ત્રીસ રોઝા કેવી રીતે પસાર થશે ખુબ મુશ્કેલી પડશે પરંતુ જેવું કે અલ્લાહ તઆલાએ ફરમાવુ કે ગણતરીના અમુક દિવસો છે આ દિવસો પણ પસાર થઇ ગયા. ફરમાવ્યું કે આજે રમઝાનનો છેલ્લો જુમ્મા છે બાકી પાંચ અથવા અમુક સ્થાને શાયદ ચાર રોઝા બાકી હશે આ ચાર પાંચ દિવસોમાં પણ આપણામાંથી પ્રત્યેકે આ કોશિશ કરવી જોઇએ કે જો કોઇ કમીઓ રમઝાનથી ફાયદો ઉઠાવવાથી રહી ગઇ છે તો તેને આપણે આ દિવસોમાં પૂર્ણ કરવાની કોશિશ કરીએ. અલ્લાહ તઆલાથી દુઆ કરો કે અલ્લાહ તઆલા અમારી પરદાપોશી (દોષ છુપાવવા) કરે,અમારા પર રહેમ કરે અને અમોને રમઝાનની બરકતોથી વંચિત ન રાખે. આજે જેવું કે મેં ફરમાવ્યું કે રમઝાનનો છેલ્લો જુમ્મા છે જેને પારિભાષિક શબ્દોમાં જુમ્માતુલવિદા કહે છે. સાધારણ મુસ્લિમોમાં તો આ જુમ્માને રમઝાનનો છેલ્લો જુમ્મા સમજતાં અને આ ખ્યાલ કરે છે કે આ જુમ્મામાં બધી દુઆઓ કબૂલ થઇ જાય છે અને આ જુમ્માની અદાઇગીથી આખા વર્ષની છુટેલ નમાઝો અને જુમ્મા અને દરેક ઇબાદતોની અદાઇગીનો હક પણ અદા થઈ જાય છે જે આમાં સામેલ થઇ જાય પરંતુ એક વાસ્તવિક મોમિનનો આ ખ્યાલ નથી . આ એક બિલકુલ ખોટી ધારણા છે એક અહેમદી અને વાસ્તવિક મોમિનની નજીક તો એવી વાતો અને આવી ધારણા ધર્મ સાથે મજાક કરવાની વસ્તું છે. એક વાર એક સભામાં હઝરત મસીહ મૌઉદ અ.સ.થી પ્રશ્ન થયો કે મુસ્લિમોમાં આ રિવાજ છે કે જુમ્માતુલવિદાના રોજ લોકો ચાર રકઅત નમાઝ પઢે છે તેનું નામ કઝાએ ઉમરી રાખે છે અને હેતુ એ હોય છે કે છુટેલ નમાઝો જે અદા નથી કરી તેની પૂર્તિ થઇ જાય તેનો કોઇ સબૂત છે કે નહી તેની હકીકત શું છે શું એ જાયઝ છે ?

હઝરત અકદસ મસીહ મૌઉદ અ.સ.એ ફરમાવ્યું કે એક વ્યર્થ કાર્ય છે. આપે ફરમાવ્યું કે જે વ્યકિત જાણી જોઇને આખા વર્ષ એટલા માટે નમાઝ છોડે છે કે કઝાએ ઉમરનિ રોઝ અદા કરી લેશે તો તે ગુનેગાર છે અને જે વ્યકિત શરમિંદા થઇને તૌબા કરે છે અને આ નિય્યતથી પઢે છે કે આગળથી નમાઝ ન છોડશે તો તેના માટે રૂકાવટ નથી. ફરમાવ્યું કે અમે તો આ વિશે હઝરત અલી રઝીનો જ જવાબ આપ્યે છીએ હઝરત અલી રઝીના જવાબની ઘટના આ પ્રમાણે છે જે હઝરત મસીહ મૌઉદ અ.સ. એ બયાન ફરમાવી છે કે એક વાર એક વ્યકિત સમય વિનાની નમાઝ પઢી રહ્યો હતો નમાઝનો સમય ન હતો કોઇ વ્યકિતએ હઝરત અલી રઝીને જણાવ્યું કે તમે આ યુગના ઉત્તરાધિકારી છો તેને ના કેમ નથી પાડતા કે ગલત સમયે નમાઝ પઢી રહ્યો છે. તેમણે ફરમાવ્યું કે હું ડરૂ છુ કે કયાંક આ આયત નિચે આરોપી ન બની જાઉ. શું તેં વિચાર કર્યો તેના પર જે રોકે છે એક બંદાને જ્યારે તે નમાઝ પઢે છે. હઝરત મસીહ મૌઉદ આ હવાલાથી ફરમાવે છે કે જો પશ્ચાત્તાપ માટે સુધારો કરે છે તો પઢવા દો કેમ ના કહો છો અંતે દુઆ જ કરે છે. હાં તેમાં ઉત્સાહની કમી જરૂર છે. હુઝુર અનવરે ફરમાવ્યું હઝરત મસીહ મૌઉદ અ.સ.એ સ્પષ્ટ ફરમાવી દીધું કે ઉત્સાહની કમી છે અને જો નિય્યત કઝાએ ઉમરીની છે અને સુધારની નહી. જો તે નિય્યતથી પઢી છે કે આજે હું ચાર

રકઅતો પઢી રહ્યો છું અને આજ પછી તૌબા હું આગળથી નિયમાનુસાર નમાઝ પઢતો રહીશ તો ઠીક છે. જો નિય્યત સુધારણાની નથી તો પછી એવો વ્યકિત ગુનેહગાર છે.

હુઝુર અનવરે ફરમાવ્યું  મોમિન તો અલ્લાહ તઆલાની બતાવેલ નેકીઓને જારી રાખે છે. તે તો અલ્લાહ તઆલાનો આભાર વ્યકત કરવાના જોશથી ભરેલ હોય છે તે તો અલ્લાહની ખુશી હાસેલ કરવા માટે રમઝાનથી પસાર થાય છે તે જ્યારે અલ્લાહ તઆલાના આદેશ પર ચાલતાં રમઝાનને અલ વિદા કહે છે તો ભારી દિલથી હવે અમે રમઝાનથી રજા લઈએ છીએ પરંતુ એ દિવસોની યાદ હંમેશા દિલોમાં તાજા રાખીશું. રમઝાનમાં જે નેક વાતો સીખી છે તેને વાગોળતા રહીશું. રમઝાનમાં જે ઇબાદતો તરફ તવજ્જો પૈદા થઇ છે તેને હંમેશા જીવિત રાખીશું અને કદાપી અમારા કદમ તારી નિકટતા પ્રાપ્ત કરવાથી રોકાશે નહી અમોએ તો તારા પ્રેમના અદભૂત દ્રશ્યો જોયા. જ્યારે અમે ચાલીને તારી પાસે જવાનો પ્રયત્ન કરીએ છીએ તો તુ તારા વાયદા પ્રમાણે દોડીને અમારી પાસે આવે છે. આ કેવી રીતે થઇ શકે કે આપણે દુન્યવી સબંધીઓની યાદોને તો તાજા રાખીએ અને જે સૌથી વધારે પ્રેમ કરનાર છે તેની યાદને ભુલાવી દઇએ અને તેના ઉપકારોને ભુલાવી દઇએ. અલ્લાહ તઆલાના તો ઉપકાર કરવાનો અંદાજ પણ અદભૂત છે દર અઠવાડીએ જુમ્મા રાખીને તે જ બરકતો લેનાર આપણને બનાવ્યા જે જુમ્માતુલવિદાના રોઝ હાસેલ થવાની હતી અથવા હાસેલ થવાની છે. આંહઝરત સ.અ.વ.એ ફરમાવ્યું કે જુમ્મામાં એક એવો સમય આવે છે કે એક મુસ્લિમ જ્યારે ઊભો થઇને નમાઝ પઢી રહ્યો હોય જે દુઆ માંગે કબૂલ થઇ જાય છે પરંતુ આ સમય ખુબ નાનો છે. માટે આજ પછી આપણે અલ્લાહ તઆલાની નિકટતાના સમયથી જુદા નથી થઇ રહ્યા બલ્કે આ દિવસ આપણને સાત દિવસ પછી ફરીથી મળશે. જો કોઇ આ સમય અને આ નેકીઓને વિદાય કરી રહ્યો છે તો તે મોમિન નથી. ફરમાવ્યું આંહઝરત સ.અ.વ.એ આપણને અલ્લાહ તઆલાને વહેલીતકે મળવાની અને તેની ખુશી હાસેલ કરવાના તરીકા સમજાવતાં ફરમાવ્યું કે પાંચ નમાઝો,જુમ્મા આવતા જુમ્મા સુધી અને રમઝાન આવતા રમઝાન સુધી તેમની વચ્ચે થનાર ગુનાહોનો પ્રાયશ્ચિત્ત બની જાય છે પણ શર્ત એ કે ઇન્સાન મોટા મોટા ગુનાહોથી બચતો રહે.

આ આયતમાં જે મેં તિલાવત કરી તેમાં પણ અલ્લાહ તઅલાએ જુમ્માની મહત્તા વિશે જણાવ્યું છે ખાસ કરીને જુમ્મામાં સામેલ થવા તરફ ધ્યાન આપ્યું છે. જુમ્માની અઝાન સાંભળો તો પોતાના તમામ કામો તથા કારોબાર બંધ કરો અને જુમ્મા માટે આવો અને ખુત્બા જુમ્મા પણ નમાઝનો જ ભાગ છે માટે આળસ ન દેખાડો કે નમાઝ શરૂ થતા સુધી પહોંચી જઇશું અને નમાઝમાં સામેલ થઇ જઇશું બલ્કે ખુત્બામાં પહોંચવાનો પ્રયત્ન કરવો જોઇએ. આ યુગમાં અલ્લાહ તઆલાએ આપણને એમ.ટી.એ. ની સહુલત આપી છે. યુરોપ અને આફ્રિકાના અમુક દેશોમાં તો જુમ્માનો સમય પણ એક જ છે માટે જ્યારે એક જ સમય છે તો ખલીફા એ વકત નો ખુત્બો સાંભળવો જોઇએ. જ્યાં સમય ફેર છે ત્યાં પણ અહેમદીઓએ સાંભળવો જોઇએ. જો લાઇવ નથી તો રેકોડીંગ સાંભળી લે અને પછી આ ખુત્બાનો સારાંશ લઇને ખુત્બો આપનાર અથવા જ્યાં મુબલ્લગીન તથા મુરબ્બીયાન ખુત્બો આપે છે તેમણે પોતાની જમાઅતમાં તે દિવસે અથવા એક દિવસ પછી અથવા આવતા જુમ્મામાં આ ખુત્બો સંભળાવે. આ એક મોટો જરીયો છે જમાઅતમાં એકતા પૈદા કરવાની બલ્કે હઝરત મસીહ મૌઉદ અ.સ.ના યુગને જે જુમ્માથી ખાસ સંબંધ છે. અલ્લાહ તઆલાએ નવી ખોજ દ્વારા ખલીફાએ વકતના ખુત્બાને પણ તેનો ખાસ ભાગ બનાવી દીધો છે. પછી અલ્લાહ તઆલા ફરમાવે છે કે તમારી તિજારતો દુન્યવી વેપાર અને ખેલ કૂદ તમને જુમ્મા પઢવાથી રોકનાર ન બને. ખાસ કરીને આ યુગની તિજારતો આંતરરાષ્ટ્રિય હોવાના કારણે તમને વધારે વ્યસ્ત રાખે છે તેવી જ રીતે તમારી રમતો છે અને દુન્યવી કાર્યો છે જે આંતરરાષ્ટ્રિય હોવાના કારણે સમયની પાબંદીનો ખ્યાલ નથી રાખતા. આમા તમારે અને એક મોમિને ખાસ કરીને જુમ્માની મહત્તાને ધ્યાનમાં રાખવી છે કેમ કે એક મોમિન માટે સૌથી મોટુ મહત્વ અલ્લાહ તઆલાની ખુશી હાસેલ કરવુ છે અને આ જ એક મોમિનનું મહત્વ હોવું જોઇએ.

આંહઝરત સ.અ.વ.ના સહાબા તો આપની પવિત્ર કુવ્વતના કારણે સંપૂર્ણ રીતે પવિત્ર થઇ ચુકયા હતા અને તેમને અલ્લાહ તઆલાની ખુશી સૌથી અધિક પ્રિય હતી માટે તેમના વિશે તો વિચારી પણ ન શકીએ કે તઓ વેપાર અથવા રમતોના કારણે જુમ્મા છોડતા હશે. આ ખરેખર આપણા યુગની હાલતનો જ નકશો છે. મસીહ મૌઉદ અ.સ.ના યુગનો જ નકશો છે જ્યારે ધર્મનુ મહત્વ પાછળ જતુ રહેશે અને દુન્યવી મહત્વ આગળ આવશે. ચોવીસ કલાક વેપાર અને રમતોમાં વ્યસ્ત હશે. દુનિયાની દુરીઓ ઓછી થઇ જશે મિડીયા દ્વારા ઘરે બેઠા જ દુનિયાની જે રમતો અને મનોરંજનોની વાતો છે પ્રત્યેક સમયે ઘરે બેઠા મળશે. અલ્લાહ તઆલા ફરમાવે છે કે આવા સમયમાં જો તમે પોતાની પ્રધાનતાઓ દુરુસ્ત રાખશો તો યાદ રાખો કે અલ્લાહ તઆલાના ફઝલોને હાસેલ કરનાર બનશો. એક અવસરે આંહઝરત સ.અ.વ.એ ફરમાવ્યું કે જુમ્માની નમાઝ પઢવા આવ્યા કરો અને ઇમામની નજીક બેસો અને એક વ્યકિત જુમ્મામાં પાછળ રહેતા રહેતા જન્નતથી દુર થઇ જાય છે નહીતર તે જન્નતીઓ માંથી હોય છે. હુઝુર અનવરે ફરમાવ્યું કે હઝરત મસીહ મૌઉદ અ.સ.એ જુમ્માની મહત્તા વિશે ફરમાવ્યું અને આ જ મહત્તાને ધ્યાનમાં રાખતાં આપે પોતાના યુગમાં ઈ.સ. ૧૮૯૬,૯૭માં ગર્વમેન્ટમાં એક તહેરીક કરવા ઇચ્છી કે હિન્દુસ્તાનમાં જુમ્મા અદા કરવા માટે બે કલાકની સરકારી દફતરમાં રજા હોવી જાઇએ અને મુસ્લિમોની સહી લેવાનું શરૂ કર્યુ પરંતુ એ સમયના મોલ્વી મહંમદ હુસેન સાહેબે એક પત્રિકા છપાવી કે આ કાર્ય સરસ છે પણ મિરઝાના હાથે આ કામ ન થવુ જોઇએ અમે સ્વયં આને કરીશું. હઝરત મસીહ મૌઉદ અ.સ.એ ફરમાવ્યું કે અમને નામ કમાવાનો કોઇ શોખ નથી તમે જાતે જ કરી લો. અને આપે કાર્યવાહી બંધ કરી દીધી પછી તે કાર્યવાહી આગળ ન ચાલી પરંતુ એક અવસર પર વોઇસ રાયે હિંદ લૉડ કરઝનને હઝરત મસીહ મૌઉદ અ.સ.એ એક મેમોરીયલ મોકલ્યો જેમાં તેમની ખુબીઓનું વર્ણન કરીને અને મસ્લિમોના હક્કોની અદાઇગીનો આભાર વ્યકત કરીને આપે તે મેમોરીયલમાં અધિક લખ્યું કે એક તમન્ના તેમની અર્થાત મુસ્લિમોની હજુ બાકી છે અને તે આશા રાખે છે કે જે હાથે આ મુરાદો પરી થઇ છે અર્થાત તે મસ્જીદો મળી છે તે તમન્ના પણ એજ હાથે પુરી થશે અને તે તમન્ના એ છે કે જુમ્માનો દિવસ એક મહાન ઇસ્લામી તહેવાર છે અને કુરાન શરીફે ખાસ કરીને તે દિવસને રજાનો દિવસ ગણાવ્યો છે આ દેશમાં ત્રણ કોંમો છે હિન્દુ,ઇસાઇ અને મુસ્લિમ. હિન્દુ અને ઇસાઇઓને તેમના તેમના ધાર્મિક રસમોનો દિવસ ગર્વમેન્ટે આપ્યો છે અર્થાત રવિવાર જેમા તેઓ ધાર્મિક રસમો અદા કરે છે જેની રજા સાધારણ હોય છે પરંતુ આ ત્રીજો ફિંકો એટલે કે મુસ્લિમ પોતાના તહેવાર અર્થાત જુમ્માથી વંચિત છે. પછી આપે આગળ ફરમાવ્યું કે આ અહેસાનોની લીસ્ટમાં જો ગર્વમેન્ટે મુસ્લિમો પર કર્યા છે જો આ અહેસાન પણ કરવામાં આવે કે જુમ્માના દિવસે રજા આપવામાં આવે તો આ એક એવો અહેસાન હશે જે સોનાના પાણીથી લખવાને લાયક થશે.

આજે મુસ્લિમ અથવા નામ ચીન ઉલ્મા હઝરત મસીહ મૌઉદ અ.સ. પર આરોપ લગાવે છે કે અંગ્રેજોના લગાવેલ છોડ છે પરંતુ અંગ્રેજી હુકુમતને મુસ્લિમોના ધાર્મિક હક્કો તરફ ધ્યાન અપાવ્યું તો હઝરત મસીહ મૌઉદ અ.સ. એ કોઇ બીજા મુસ્લિમ લીડરને આ તૌફીક ન મળી અને આ આપનું જ કામ હતુ કેમ કે આ યુગમાં જેમાં ઇસ્લામની મહત્તા દુનિયા પર જાહેર કરવું અને તેની વાસ્તવિક તાલીમ પર અમલ કરાવવું હતું તે આપના દ્વારા જ થવું હતું આ કાર્ય આપના જવબદારીમાં હતું. માટે આપણે જે હઝરત મસીહ મૌઉદ અ.સ.ને માનવાનો દાવો કરનાર છીએ આપણા પ્રત્યેક કાર્ય અને વાતથી ઇસ્લામી તાલીમની વાસ્તવિકતા જાહેર થવી જોઇએ. આપણે આ પ્રણ લેવુ જોઇએ કે આ રમઝાન જે બરકતો લઇને આવ્યો હતો અને જે બરકતો છોડીને જાય છે તેને આપણા જીવનનો ભાગ બનાવવું છે ઇન્શા અલ્લાહ. આપણે ઇસ્લામની અમલી છબી માત્ર એક મહિના માટે નથી બનવું બલ્કે હંમેશના માટે યુગના ઇમામથી કરેલ વાયદાને પરો કરવો છે.

આજે આપણે આ પ્રણ લઇએ કે પોતાના બૈઅતના પ્રણને પૂર્ણ કરનાર બનીશું અને તેની મખ્લૂકનો હક તેવી જ રીતે અદા કરવાની કોશિશ કરીશું જે રીતે એક મોમિનથી આશા હોય છે અને જે રીતે અલ્લાહ તઆલાએ આદેશ આપ્યો છે અને જેનો ઇઝહાર હઝરત મસીહ મૌઉદ અ.સ.એ ફરમાવ્યો છે. રમઝાનની બરકતને અમે હંમેશા પોતાના જીવનનો ભાગ બનાવીશું ઇન્શા અલ્લાહ. અલ્લાહ તઆલા આપણને તેની તોફીક આપે. આમીન